સ.કૃષિ.અનુ./જી.પ./દમણ/બીજ/૨૦૧૯-૨૦/૯૩
જીલ્લા પંચાયત કાર્યાલય,
કૃષિ અનુભાગ,
મોટી દમણ,
તારીખ :- ૩૦/૦૫/૨૦૧૯

પ્રતિ શ્રી,

____________________

____________________

____________________

વિષય :- કૃષિ અનુભાગ, જીલ્લા પંચાયત દમણ, દ્વારા સ્થાનિક ખેડૂતોને ડાંગરના બિયારણનું વિતરણ "વહેલાતે પહેલાના ધોરણે" કરવા બાબત.

સવિનય સાહેબ ..

ઉપરોક્ત વિષયના સંદર્ભમાં દમણ વિસ્તારના ખેડૂત ભાઈઓ-બહેનોને જણાવવામાં આવે છે કે ખરીફ સીજન ૨૦૧૯, અન્વયે જીલ્લા પંચાયત, કૃષિ અનુભાગની "સંકલિત કૃષિ વિકાસ" યોજના અંતઃર્ગત ડાંગરના બિયારણ (ગુજરાત-૩, ગુજરાત-૧૧, જયા, હાઇબ્રીડ અને રિચર્સ) નું વેંચાણ સ્થાનિક ખેડૂતોને @૫૦%સબસીડી રૂ.૧૦૦૦/-ની મર્યાદામાં "વહેલા તે પહેલા" ના ધોરણે તારીખ ૦૩/૦૬/૨૦૧૯ થી શરૂ કરવામાં આવનાર છે.

બિયારણ મેળવવા માટે ફરજિયાત એ.ટી.એમ. કાર્ડની સાથે નીચે મુજબ ના યોગ્ય પુરાવાઓ લઈ જીલ્લા પંચાયત, કૃષિ અનુભાગ, ઢોલર,મોટી દમણ,નો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવે છે.

(૧) જમીન ની ૧/૧૪ ની સ્વપ્રમાણિત નકલ.

(૨) આધારકાર્ડ અથવા સ્થાનિક રહેઠાણના પુરાવાની સ્વપ્રમાણિત નકલ.

નોંધ:- કેસલેસ સિસ્ટમ લાગુ થયેલ હોવાથી રોકડ રૂપિયા સ્વીકારવામાં આવશે નહીં.

આપનો વિશ્વાસુ
સહી/- 30.5.19
( એસ.એમ.હળપતિ)
ઉપ લેખા નિદેશક/આ.સ.અ.
જીલ્લા પંચાયત,કૃષિ વિભાગ
મોટી દમણ.

નકલ રવાના :-

૧. પ્રમુખશ્રી, જીલ્લા પંચાયત, દમણ,
૨. ઉપ પ્રમુખશ્રી, જીલ્લા પંચાયત, દમણ,
૩. મુખ્ય કાર્યકારી અધિકારી, જીલ્લા પંચાયત દમણ,
૪. ક્ષેત્રિય કૃષિ અધિકારી,દમણ.
૫. તાલુકા વિકાસ અધિકારી, દમણ,
૬. સભ્યશ્રીઓ, જીલ્લા પંચાયત, દમણ,
૭. સરપંચશ્રી /સેક્રેટરી /ગ્રામ સેવકને જણાવવામાં આવે છે કે સ્થાનિક ખેડૂતો અને ગ્રામ પંચાયત સભ્યોને જાણ કરવા વિનંતી .
૮.NIC, દમણને વિનંતી સાથે જણાવવાનું કે આ પત્ર પ્રશાસનની સરકારી વેબસાઇટ પર મૂકવા અનુરોધ.
૯. કાર્યાલય / નોટિસ બોર્ડ.